# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## મંડળ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ તાંત્રિક સંવર્ગની સીધી ભરતીની જાહેરાત ક્રમાંક:૩૨૮/૨૦૨૫૨૬, ફિઝિયોથેરાપીસ્ટ ની તા.૨૩/૦૫/૨૦૨૬ ના રોજ લેવામાં આવેલ CBRT પરીક્ષાની Provisional Answer Key cum Response Sheet પ્રસિદ્ધ કરવા બાબતની અગત્યની સૂચના

મંડળ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ નીચે દર્શાવેલ તાંત્રિક સંવર્ગની સીધી ભરતીની યોજવામાં આવેલ CBRT પરીક્ષાની **Provisional Answer Key cum Response Sheet** નીચે દર્શાવેલ લીંક ઉપર મુકવામાં આવેલ છે. ઉમેદવારો આ લીંક ઉપર ક્લીક કરીને પોતાનું પ્રશ્નપત્ર, ઉમેદવાર દ્વારા આપવામાં આવેલ જવાબ અને તે અંગેની પ્રોવિઝનલ આન્સર કી જોઈ શકશે.

https://cdn3.digialm.com/EForms/configuredHtml/32791/95017/login.html

| અ. ન. | જાહેરાત ક્રમાંક/ સંવર્ગનું નામ | પરીક્ષાની તારીખ | Provisional Answer Key cum Response Sheet જોવા તેમજ ઓનલાઇન વાંધા સૂચન રજૂ કરવા માટેની તારીખ-સમયની વિગતો |
|---|---|---|---|
| ૧ | જા.ક્ર.:૩૨૮/૨૦૨૫૨૬, ફિઝિયોથેરાપીસ્ટ, વર્ગ-૩ | તા.૨૩/૦૫/૨૦૨૬ | તા.૨૫/૦૫/૨૦૨૬, ૧૪:૦૦ કલાક થી તા.૩૧/૦૫/૨૦૨૬ ના ૨૩:૫૫ કલાક સુધી |

ઉમેદવારોને પ્રોવિઝનલ આન્સર કી સામે કોઈ વાંધો/સૂચન હોય તો ઉમેદવારે તે અંગેના જરૂરી આધાર-પુરાવા સાથે **Online** રજુઆત કરવાની રહે છે. આ પરીક્ષામાં PART-A માં ૯૦ પ્રશ્નો અને PART-B માં ૧૨૦ પ્રશ્નો પૂછવામાં આવેલ છે. **પ્રસિદ્ધ કરેલ આન્સર કી ના જવાબ સામે ઉમેદવારને વાંધો હોય તો ઓનલાઇન વાંધા સૂચન ઉક્ત જાહેરાતો સામે દર્શાવેલ તારીખ અને સમય સુધીમાં કરી શકાશે.**

પ્રોવિઝનલ આન્સર કી સામે વાંધા/સૂચન કરવા અંગેની **Step-by-step** ગાઈડ અને સૂચનાઓ નીચે મુજબ છે.


1. પ્રસિદ્ધ કરેલ આન્સર કી ના જવાબ સામે ઉમેદવારને વાંધો હોય તો વાંધા સુચન ઓનલાઇન કરવા ફરજિયાત છે. અન્ય કોઈ માધ્યમ દ્વારા રજૂ કરેલ વાંધા સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.
2. **CBRT** માં હાજર રહેલ ઉમેદવાર જ ઓન લાઇન વાંધા સૂચન રજૂ કરી શકે છે.
3. ઉમેદવાર એક કરતાં વધુ પ્રશ્નો માટે વાંધા સૂચન રજૂ કરી શકશે.

4. ઉમેદવારે પોતાની **Provisional Answer key cum Response Sheet** માં દર્શાવેલ **Question ID** પ્રમાણે વાંધા સૂચન ઓનલાઈન સબમિટ કરવાના રહેશે.

**Step 1 :** નીચેની લિન્ક પર ક્લિક કરો.

https://cdn3.digialm.com/EForms/configuredHtml/32791/95017/login.html




**Step 2 :** જાહેરાત ક્રમાંક, કન્ફરમેશન નંબર, જન્મ તારીખ અને ઈમેજ ટેક્ષ્ટ ટાઈપ કરી 


બટન પર ક્લિક કરશો એટલે નીચે મુજબની સ્ક્રીન ખુલશે.



Step 3 : ઉમેદવાર દ્વારા Candidate Response પર ક્લીક કર્યા બાદ નીચે મુજબની સ્ક્રીન ખુલશે.




Step 4 : **Click** **here** **to generate it** પર ક્લીક કરતાં નીચે મુજબની સ્ક્રીન ખુલશે.




ત્યારબાદ, **Print** પર ક્લીક કર્યા બાદ **save as pdf** કરવાથી **Provisional Answer key cum Response Sheet** ઉમેદવારના ડિવાઇસમાં સેવ થશે અને તે ફાઇલની પ્રિન્ટ પણ મેળવી શકાશે.

**Step 5 :** વાંધા સૂચનો રજૂ કરવા માટે **Objection Form** પર ક્લીક કરવું.




**ત્યારબાદ +(સરવાળાના ચિહ્ન) પર ક્લિક કરતાં સૂચનાઓ દેખાશે. વાંધા સૂચનો રજૂ કરતાં પહેલાં સ્ક્રીન પર રજૂ થતી સૂચનાઓ વાંચી જવી.**





સૂચનાઓ/Instructions:

Note:

1. તમારા વાંધાસૂચનો રજુ કરતાં પહેલાં આપેલ સૂચનાઓને કાળજીપૂર્વક વાંચો./Please read the instructions carefully before you start submitting your objections
2. તમારા પ્રશ્નપત્ર માટે "Question Paper" પર જાઓ./To view your question paper, go to tab "Question Paper"
3. વાંધાસૂચનો રજુ કરવા માટે "Objection" ટેબ પરના + બટન પર ક્લીક કરો./Click on + button in the tab "Objections" to raise your objections.
4. વાંધાસૂચનો આપતાં પહેલાં પ્રશ્નો અને જવાબોને ધ્યાનપૂર્વક વાંચો. /Before stating your objection, go through the question and answers carefully.
5. વાંધાસૂચનો ફક્ત પ્રશ્નો અને તેના સંબંધિત વિકલ્પો સામે જ ઉઠાવી શકાય છે./Objections can be raised only against questions and their respective alternatives.
6. એકવાર સબમિટ કરવામાં આવેલ વાંધાસૂચનો પછીથી બદલી શકાશે નહીં./Objections once submitted cannot be edited later.
7. પ્રશ્ન ID, જેનો ઉપયોગ તમામ સંદર્ભો માટે થાય છે, તે પ્રશ્નની જમણી બાજુએ ઉલ્લેખિત છે./The Question ID, which is used for all references, is mentioned to the right of the question.
8. Remarks કોલમમાં, તમારા વાંધાસૂચન માટેનું કારણ સ્પષ્ટપણે દાખલ કરો. કોઈ માન્ય સમજૂતી અથવા સંદર્ભ આધાર પુરાવા વગરના વાંધાસૂચનોને ધ્યાનમાં લેવામાં આવશે નહીં./In the remarks column, enter your reason for objection clearly. Objections with no valid explanation or reference will not be taken into account and will be discarded.
9. વાંધાસૂચન સબમિટ કરતા પહેલા ઉમેદવારોએ આધાર-પુરાવા અપલોડ કરવા ફરજિયાત છે./Before submission of Objection it is mandatory for candidate to Upload supporting document.
10. સંદર્ભ આધાર-પુરાવા PDF/JPG/JPEG ફોર્મેટમાં 400kb સાઇઝથી વધે નહીં તે રીતે અપલોડ કરેલા હોવા જોઈએ./Supporting Document/Reference of maximum size of 400kb should be in PDF/JPG/JPEG format


**Step 6** : **Form to Raise Objection** માં જરૂરી વિગતો ભરીને પોતાની **Provisional Answer key cum Response Sheet** માં દર્શાવેલ **Question ID** અને તેને સંબંધિત **Answer ID** પ્રમાણે વાંધા સૂચનો રજૂ કરવા.





ઉમેદવારે પોતાના મંતવ્ય અનુસારના જવાબ રજૂ કરવા **Form to Raise Objection** માં નીચે દર્શાવ્યા પ્રમાણે **Question ID** અને તેને સંબંધિત **Answer ID** અનુસારની વિગતો દર્શાવવાની રહેશે.



**Step 7** : જો કોઈ ઉમેદવારને કોઈ **Question ID** માં એક કરતાં વધુ જવાબ સાચા છે, તેવી રજૂઆત કરવી હોય તો તે Type of Objection માં જઈને તે વિકલ્પ પસંદ કરીને રજૂઆત કરી શકશે.




તમારી રજૂઆત ના સંદર્ભ માં પુરાવા તરીકે પુસ્તકનું નામ, પૃષ્ઠ નંબર, લેખકનું નામ, પ્રકાશકનું નામ/સરનામું, પ્રકાશનનું વર્ષ દાખલ કરો. ત્યાર બાદ **400 kb** ની મર્યાદામાં વંચાય તેવી સ્પષ્ટ **PDF/JPG/JPEG** ફાઈલ આધાર પુરાવા તરીકે અપલોડ કરો અને છેલ્લે સબમીટ કરવું. ઉમેદવાર વધુમાં વધુ ત્રણ ડોક્યુમેન્ટ આધાર પુરાવા તરીકે અપલોડ કરી શકશે.




**સ્થળ: ગાંધીનગર**
**તારીખ: ૨૫/૦૫/૨૦૨૬**

**સચિવ**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**